સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

તંત્ર-મંત્રને ધમકીથી શિષ્યાઓ વશમાં રહે છે,
બગાડે નામ 'આશ્રમ'નું સદા હવશમાં રહે છે!
રહે છે નિત્ય-આનંદમાં મળે છે સેવા 'પ્રિયાઓ'ની -
નર્ક કરી નારી જીવન, નફ્ફટ સ્વર્ગમાં રહે છે...

હાઈકુ

લક્ષ્મી આવી છે
ચાંલ્લો કરવા છતાં -
ધૂએ છે મોઢું
(સોનીયાજી અસંમજસમાં)

આવડે નહીં -
સત્તાનું નૃત્ય, લાગે
આંગણું વાંકું !
(છાસ ફૂંકીને પીએ છે)

ચિંતન

વિપથ્યત્સ્વપિ સુલભા દોષ: ।

ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાની પુરુષોમાં પણ દોષ હોય છે,.

સંસારમાં કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ નથી હોતી. કોઈને કોઈ દોષ તો સર્વમાં રહેલ હોય છે. જ્ઞાની-વિદ્વાન અને મહાત્માઓ પણ નિયમથી બાકાત નથી. પરંતુ જો એમનામાં માત્ર સામાન્ય જ દોષ હોય તો આપણે એની સામે આંખમીંચામણાં કરવા જોઈએ.

સંપૂર્ણ વ્યક્તિ ઈશ્વર જ છે. બાકી બધા દેવો ઋષિઓને ક્યારેક ને ક્યારેક મોહ-અહંકાર આવે જ છે. 'જ્ઞાની'ને પણ જ્ઞાનનું અભિમાન આવી જ જાય છે.

નિરંકારી-નિરાભિમાની-અમાની રહેવું કઠિન છે.

સુવિચાર

- પૈસા ને માટે સદ્‌ગુણ ને ન વેચો - **નીતિ શતક**
- આટલા બધા જીવો સતત દુઃખોના ભાર નીચે કેમ જીવતાં હશે ?
  જરૂરિયાતોને પૂરી કરવાને બદલે ઈચ્છાઓને પુરી કરવાના તેઓ પ્રયત્ન કરે છે માટે - **અનામી**
- સાચા મનથી કરેલી વ્યાજબી દુઆ આસમાનના પડદા ચીરીને પણ ઉપર જાય છે - **સલીમ વ્યારાવાલા**
- આપણે આપણી જાતનો વાંક કાઢવા ફૂદી પડીએ છીએ,
  પણ એ શરતે કે કોઈ એમાં સંમત ન થાય - **જર્મન કહેવત**
- એક ઈચ્છાને હજારો ધમપછાડા હોય છે, માણસોના નિતનવા બખાડા હોય છે - **હરદ્વાર ગોસ્વામી**
- કેટલો લાભ લઈ શકાય તેમ છે, તે જોઈને મૈત્રી બાંધવા જેટલું ભૂંડું કામ બીજું કોઈ નથી - **જેમ્સ પીટર્સ**
- આજનું ઔષધ : મૂઢ મારના સોજા ઉપર ધાણાને પીસી તેમાં જવનો લોટ મિક્સ કરી પાણી ઉમેરી પેસ્ટ બનાવી તે પેસ્ટ સોજા પર લગાડવાથી સોજો ઉતરે છે અને દુઃખાવામાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગામની બહાર ઝુંપડી બાંધીને ભગવાનની ભક્તિમાં લીન રહેનારા સંતને એક દુર્જન સતાવતો હતો. ગામ લોકોને આ પસંદ નહોતું તેઓ સંતને કહેતા કે તમારી દેવીશક્તિનો ઉપયોગ કરી આ દૂરાચારીને પાઠ કેમ નથી ભણાવતાં? સંત કહેવા.... 'ક્ષમા એ મારો સ્વભાવ છે. મારાથી એને દંડ ન અપાય.' ગામના લોકો દલીલ કરતા ખુદ શ્રીરામે રાવણનો સંહાર કર્યો હતો. શ્રીકૃષ્ણે પણ સુદર્શન ધારણ કર્યું હતું. તો આ શઠની એની શઠતાનો દંડ મળવો જ જોઈએ. સંત કહેતા, 'અરે ભાી, હું કયાં એમના જેવો અવતારી પુરુષ છું, હું તો સામાન્ય માનવી છું. મારે માટે શત્રુ અને મિત્ર એક સમાન.' એક દીવસ દુરાચારીએ ઝૂંપડીમાં જે બેચાર વાસણ, ચાદર, ચપ્પલ વગેરે ચોરી લીધું. ચોરીની વાત સાંભળી ગામ લોકો ભેગા થયા. સંતે નિર્વિકાર ભાવથી કહ્યું, 'જુઓ, ભગવાનની કેવી અસીમ કૃપા! ઘરવખરી ગઈ, પણ માથા પરની છત તો રહીને, હવે ગમે તેટલી ગરમી પડસે, પણ આ છત તો મારું રક્ષણ કરશે નેં, અને વરસાદમાં પણ મારી રક્ષા તશે. બાકીની ચીજોનો કોઈ વિશેષ ઉપયોગ નહોતો. એથી એ ચાલી ગઈ તે પણ સારું થયું.' સંત ઉદાર અને ક્ષમાશીલ હતા તેઓ દુરાચારી વિશે એક પણ શબ્દ બોલ્યા નથી. થોડા સમયમાં ગામલોકોએ સંત માટે સામગ્રી એકઠી કરવા લાગ્યા. એવામાં સંતની ક્ષમા માંગવા પેલો દુલાચારી આવ્યો અને બધી જ ચોરેલી વસ્તુ પર આપી.

મહારાષ્ટ્રના મહાભારતમાં બેશરમીની પરાકાષ્ઠા

તંત્રીસ્થાનેથી...

મહારાષ્ટ્રમાં રાતોરાત જે 'દુર્ઘટના' બની ગઈ, એના ખલનાયક વિશે હજી લોકમાનસમાં શંકાકુશંકા પ્રવર્તતી રહી છે. શું એનસીપીના સર્વેસર્વા શરદ પવારની ગર્ભિત સામેલગીરી વગર એ શક્ય હતું? અજિત પવારનું પોતાનું કહી શકાય એવું કોઈ વજૂદ કયારેય હતું જ નહીં કે આજે પણ નથી. છતાં એ હકીકત છે કે એમને વિધાનસભા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા તરીકે ખુદ શરદ પવારે નિયુક્ત કરાવ્યા હતા અને પારિવારિક રાજકારણમાં તેઓ પવારના રાજકીય વારસદાર તરીકે પ્રસ્થાપિત થયેલા હતા. તમામ ચૂંટાયેલા ધારાસભ્યોની સહી સાથેની યાદી અજિત પવારને સુપરત કરીને ચાચા શરદ પવાર દિલ્હીમાં કોંગ્રેસ-શિવસેનાનું કુંડળી મેળાપક સિદ્ધ કરવા મથામણ કરી રહ્યા હતા. એ મેળાપાકમાં ડગલેને પગલે વિઘ્નો આવતાં હતાં જે નિષ્ણાત જયોતિષાચાર્યની અદાથી શરદ પવાર હલ કરી ચૂકયા હતા. એમને બંધારણીય વ્યવસ્થામાં પૂરો ભરોસો હતો એટલે નિરાંતે પોતાની સૂચવેલી ફોર્મ્યુલા અનુસાર શિવસેના સુપ્રીમો એમના સમર્થક ધારાસભ્યોની યાદી લઈ અજિત પવાર અને કોંગ્રેસના અશોક ચવ્હાણ કે પૃથ્વીરાજ ચવ્હાણ જેવા પ્રતિનિધિઓ સાથે રાજભવન પહોંચી જઈ ભાજપભક્ત રાજયપાલ સમક્ષ સરકાર રચવાનો દાવો રજૂ કરવાના હતા. વર્ષો જૂનું મુખ્યમંત્રી પદનું શિવેસનાનું સપનું સાકાર કરવાની યોજના પવારના જ વડપણ હેઠળ સાચું પડે એ પહેલાં દિલ્હી દરબારના ઉજાગરા ફળ્યા અને સૂર્યોદય થતાં જ ભાજપ-એનસીપીની કહેવાતી 'સ્થાયી' સરકાર અસ્તિત્વમાં આવી ગઈ ! હાંસિયે ધકેલાઈ ગયેલા લાડકવાયા નેતા દેવેન્દ્ર ફડણવીસ દૂંટીની વાત ઓકીને જંપ્યા. વદ્યા : મોદી હૈ તો મુમકીન હૈ ! - આખો ખેલ દિલ્હીના ઈશારે ખેલાયાનો પુરાવો ખુદ વરરાજાએ જ આપી દીધો. પરંતુ જેવા આ સમાચાર વહેતા થયા એળા વૃદ્ધ મરાઠા નેતા પોતે આ કમઠાણના કર્તાહર્તા નથી એવું કહી સકીય થઈ ગયા. શિવસેનાએ પણ એનસીપી બોસ આ કુકર્મમાં સામેલ નહીં હોવાનું સર્ટિફિકેટ આપી દીધું છે અને જે રીતે સુપ્રીમ કોર્ટમાં ઘા નાખવામાં આવી છે એ પરથી પવાર વિશેની સહજ શંકા પણ દૂર થઈ રહી છે. એનસીપીના લગભગ ૫૦ જેટલા ધારાસભ્યોએ શરદ પવાર સાથે જ રહેવાનું મન બનાવી લીધું છે, કારણ કે જનમાનસમાં શરદ પવાર જ સાચા લોકનેતા છે, મહારાષ્ટ્રના 'માસ લીડર' છે. એમને નારાજ કરીને પ્રધાનપદું મેળવી લઈ એનસીપીનો કોઈ ધારાસભ્ય પોતાની કારકિર્દી ટૂંપાવવાનું જોખમ ભાગ્યે જ ખેડશે. ફલોર પર ફડણવીસ સરકાર એની બહુમતી સાબિત કરવા આકાશપાતાળ એક કરશે; શિવસેના અને કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદી લઈ બહુમતીનો આંકડો આંબવા મથશે જેમાં એને રિલાયંસ જેવાં મોદી સમર્પિત ઉદ્યોગગૃહોનો ટેકો પણ મળી રહેશે - એમ છતાં, જો નવી સરકાર ફલોર ટેસ્ટમાં નાપાસ થશે તો મહારાષ્ટ્રના અને દેશના રાજકીય ઈતિહાસમાં એક કાળું પ્રકરણ લખાતાં પૂર્વે જ ભૂંસાઈ જશે. બેશરમી અને રાજકારણ ધીરે ધીરે એકમેકના પર્યાયવાચી શબ્દો બની રહ્યા છે એવા કપરા પંચમકાળમાં ક્યારે શું થશે તે કલ્પવું મુશ્કેલ છે.

ધર્મ, રીત રીવાજ, રૂઢી, પરંપરા અને બંધારણીય અધિકારો

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ધર્મની સાથે સંકળાયેલી આર્થીક, નાણાકિય, રાજકિય કે અન્ય પ્રવૃત્તિઓનું નિયમન કે નિયંત્રણ કરવાની સંવિધાનની કલમ ૨૫(૧) મુજબ સરકારને આપવામાં આવી છે.

ધાર્મીક સંસ્થાઓની પ્રવૃત્તિઓને બે ભાગમાં વિભાજીત કરવામાં આવી છે. એક ધાર્મીક પ્રવૃત્તિ કે જેમાં ઈશ્વરની નજીક જવાની ક્રિયાઓનો સમાવેશ કરવામાં આવે છે અને બીજી વ્યક્તિના અંતરમન સાથે સબંધ ધરાવે છે. બીજી પ્રવૃત્તિમાં સંસ્થાને લગતી વહીવટી, આર્થીક અને નાણાકિય પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સર્વોચ્ચ અદાલતે અગાઉ પણ સંસ્થાના નિયમોનો, નિર્ણયોને સઈદ્દીન વિરૂધ્ધ મુંબઈના ચુકાદામાં માન્ય ગણ્યા છે. મુંબઈ પ્રિવેન્સન ઓફ એકસ કોમ્યુનિકેશન એકટ ૧૯૪૯ માં દાઉદી વોરા સંપ્રદાયના સભ્યોને શાંતિ બહાલ રાખવાના પ્રતિબંધના કેસમાં સુપ્રિમ કોર્ટે દાઉદી વોરા સંપ્રદાયના સભ્યોને જ્ઞાતિ બહાર મુકવાના સંપ્રદાયના નિર્ણયને બહાલી આપી હતી પરંતુ એસ.પી. મિત્તલ વિરૂધ્ધ ભારત સરકાર સામેના કેસમાં આજ વલણ બદલી જણાવેલ કે ધાર્મીક સ્વતંત્રતા માત્ર ધાર્મીક પ્રવૃત્તિ પુરતી જ સીમીત રાખવી જોઈએ. ધાર્મીક સીવાયની પ્રવૃત્તિનો તેમાં સમાવેશ થઈ શકે નહિ પરંતુ મહર્ષિ અરવિંદના કેસમાં અદાલતે ઠરાવ્યું હતુ કે અરવિંદ અને માતાજીના પ્રવચનોને ધ્યાનમાં લેતા આ સંસ્થાને ધાર્મીક સંસ્થા ગણી શકાય નહિ.

બંધારણની કલમ ૨૫(૨)(બી) માં હિન્દુ ધર્મને એક અતિ પ્રાચીન ધર્મ ગણેલ છે. સમયાંતરે દરેક વસ્તુમાં પરિવર્તન આવે તેમાં ધર્મ પણ અલીપ્ત નથી. દા.ત. સતી પ્રથા, અપૃશ્યતા, દેવદાસી પ્રથા, કાળક્રમે ધર્મથી અલગ ગણી રદ કરવામાં આવી છે. હિન્દુ ધર્મના મંદિરોમાં કેટલાક વર્ગ તથા લીંગના લોકોને પ્રતિબંધ હોવા અંગેની રૂઢીને પણ અદાલતે ફગાવી છે. દ્વી પત્ની ધારો રદ કરતા અદાલતે જણાવ્યું હતુ કે હિન્દુ ધર્મમાં એકથી વધારે પત્ની રાખવાનું ધાર્મીક રીતે કોઈ જ જરૂરી નથી તેજ મુદ્દો ત્રિપલ તલાકમાં મુસ્લીમને લાગુ કરવામાં આવ્યો અને ત્રિપલ તલાકને મુસ્લીમ ધર્મથી અલગ ગણી રદ કરવામાં આવ્યો.

પરંતુમંદિરમાં પૂજા કરવાનો અધિકાર કોનો? આ મુદ્દો વિવાદીત છે. ધાર્મીક ક્રિયાઓ, પૂજાઓ પૂજારી દ્વારા જ કરવાનો હઠાગ્રહ રાખી શકે નહિ તેવું વેકટરમન્ના વિરૂધ્ધ મૈસુર રાજયમાં ઠરાવેલ છે. પૂજા કરવા શાસ્ત્રીય રીતે જાણકાર તમામ વ્યક્તિ હક્કદાર બને છે.

જેહોવાદ સંપ્રદાયના બાળકોને રાષ્ટ્રગાન ન ગાવા બદલ શાળામાંથી કાઢી મુકેલ ત્યારે બાળકોના વાલીઓએ જણાવેલ કે રાષ્ટ્રગાન ગાવાથી તેઓની ધાર્મીક આજ્ઞાનો ભંગ થાય છે. આ કેસમાં અદાલતે જણાવેલ કે આવા પ્રકારનો પ્રતિબંધ માત્ર કાયદા દ્વારા જ મુકી શકાય, ધર્મ દ્વારા નહિ. શાળાનું કૃત્ય ગેરબંધારણીય છે. શાળાના નિયમો ધાર્મીક સ્વતંત્રતાના ભંગ સમાન છે અને અદાલતે જેહોવાદ સંપ્રદાયના બાળકોના રાષ્ટ્ર ધ્વજને સલામી આપવાના નિયમને કાયદેસર ઠરાવેલ.

આજ રીતે વારાણસીમાં સીયા અને સુન્ની સંપ્રદાયની બે કબરો ખસેડવાના રાજય સરકારના નિર્ણયને સર્વોચ્ચ અદાલતે માન્ય ગણી જણાવે કે જાહેર વ્યવસ્થાના હિતમાં કબરો ખસેડવાથી કોઈ જ ધાર્મીક સ્વતંત્રતાનો ભંગ થતો નથી. જાહેર વ્યવસ્થાના હિતમાં રાજયને આવી સત્તા છે તેમ ઠરાવેલ છે.

બીન સંપ્રદાયીકતાના મુદ્દે લાંબો વિવાદ ભારતમાં ચાલી આવેલ છે. બાબરી ધ્વસ, કલમ ૩૭૦ રદ તથા સમાન સીવીલ કોડને લોકો બીન સાંપ્રદાયીક નિતી સાથે જોડે છે. એસ.આર. બોમાઈ વિરૂધ્ધ ભારતીય સંઘના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ જણાવ્યું છે કે ધર્મ નિરપેક્ષતા ભારતના સંવિધાનનું પાયાનું તત્વ છે તેનાથી કોઈપણ રીતે વિચલીત થઈ શકાય નહિ. સર્વોચ્ચ અદાલતની ૯ જજોની બેન્ચે સર્વાનુમતે આ ચુકાદોઆપેલ ભારતનુંસંવિધાન ધર્મના આધારે મેળવવાની બાબતને પણ ના મંજુર ગણે છે.

સરકાર દ્વારા કોઈ નવી યોજનાના આરંભ પૂર્વે યોજનામાં આવતા ખાતમુર્હત તથા ધાર્મીક પૂજાને ધર્મ નિરપક્ષના વિરોધમાં હોય અટકાવવાના એથેઈસ્ટ સોસાયટી વિરૂધ્ધ આંધ્રપ્રદેશના કેસમા અદાલતે ઠરાવ્યુ કે આ પ્રકારની વિધિ ધાર્મીક વિધિ ઉપરાંત અનેક પ્રકારની રૂઢીગત ભારતીય પરંમપરા છે જે સારા કામના આરંભ પૂર્વે પરમેશ્વરના આર્શિવાદ પ્રાપ્ત કરવાનો રીવાજ છે, સંવિધાનનું ધ્યેય ધર્મનો વિરોધ કરવાનો નથી પરંતુ ધર્મનિરપેક્ષતાના આદર્શથી ધાર્મીક, સામાજીક અને રાષ્ટ્રીય ઐકયને સાકાર કરવાનું છે.

બંધારણની કલમ ૨૬ માં ધાર્મીક બાબતોનો વહીવટ કરવાનો સરકારને બંધારણી સત્તા આપવામાં આવી છે. દરેક સંપ્રદાયને ધાર્મીક સંસ્થા સ્થાપવાનો, નિભાવવાનો, ચલાવવાનો હક્ક છે. સંસ્થાના નિયમોનું પાલન ના કરનારને સંસ્થા બરતરફ કરી શકે છે. જેમાં વ્યવસ્થા, નિતિમત્તા અને સ્વાસ્થ્યને હાનીના થાય તે રીતે કરી શકે છે. મંદિરમાં કોણ પૂજા કરી શકે? કયા ભાગમાં કોણ જઈ શકે? મંદિરના પ્રવેશના કલાકો કેટલા રાખવા? તમામ હક્કો મંદિર વહીવટી કમીટી તથા ટ્રસ્ટને છે. જે રીત રીવાજ, ધાર્મીક પરંમપરા અને રૂઢીનો સપ્ત કરી કોઈની ધાર્મીક ભાવનાને ઠેસ ના પહોચે તે રીતે વ્યવસ્થા ગોઠવી શકે છે મૂર્તી બીરાજમાન હોય ત્યાં પૂજારી સીવાય બહારની વ્યક્તિને પ્રવેશ મળતો નથી. આ રૂઢી સામે જો કાયદો ઘડવામાં આવે તો તે બંધારણની કલમ ૨૬ (અ) ના ભંગ સમાન ગણાય. સબરીમાલામાં મહિલાઓના પ્રવેશ અંગે આ મુદ્દે જ નિર્ણય અનિર્ણીત છે. લાર્જર બેન્ચને આ કેસ સોંપવામાં આવતા આગામી સમયમાં બંધારણ, ધાર્મીક રૂઢી પરંમપરા, રીત રીવાજને જાળવીને ચુકાદો આવશે.

મારાથી બનતું હું કરી છુટીશ...!!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

'ઉપાડશે કોણ મારું કામ ?' એવું અસ્ત થતાં સૂરજે પૂછ્યું...
સાંભળી જગત આખું નિરુત્તર રહ્યું...
'પણ માટીનું કોડીયું બોલ્યું.' મારાથી બનતું હું કરી છુટીશ....!!

●●●

એક યુવાને આવીને કહ્યું :

'તમે કહો છો કે સ્વરાજમાં બધાએ કંઈ ને કંઈ કામ કરવું જોઈએ. સ્વરાજનો સાચો નાગરિક થવાની મારી પણ ઈચ્છા છે. પણ કંઈ કામ જ નથી; પછી કરવું શું ?'

'તમારે ખરેખર કંઈ કરવું જ છે ?'

'હાસ્તો, કરવું તો છે, પણ મને કંઈ કામ દેખાતું જ નથી. તમે બતાવો તો જરૂર કરું.'

'ખાદી પહેરવાથી શરુઆત કરો.'

'એ નહીં બને. શું પહેરવું ને શું ન પહેરવું એ મારી ખુશીની વાત છે. મારે તો કામ કરવું છે. આ કંઈ કામ નથી. કામ હોય તો બતાવો.'

'સમાજ-શિક્ષણનું કામ ઉપાડો.'

'છટ્ ! એ તે કંઈ કામ છે? એ પંતુજીપણું આપણને ન ફાવે.'

'એ તો બહુ સારું કામ છે. આંધળાને આંખ આપવા જેવું કામ છે. તમે જે જે કંઈ કામ છે એ બધું જ્ઞાન એમને તમે આપી શકો. સમાજસેવાનું આવું સુંદર કામ યુવાનો નહીં કરે તો કોણ કરશે ?'

'ના ભાઈ ! એ આપણને નહીં ફાવે. બીજું કંઈ કામ બતાવો !'

'કોઈક હરિજનવાસમાં બાલકીડાંગણનું કામ કરશો ? બાળકોને સ્વચ્છતા શીખવવી, નહાતાં-ધોતાં શીખવવું, ગીતો શીખવવાં, વાર્તાઓ કહેવી વગેરે કહેશો ? આનંદ આવે અને કામ પણ થાય એવું આ છે.'

'હરિજનવાસમાં જઈને ગંદા બાળકો સાથે હું મારો સમય બગાડું? એ તો મને નહીં ફાવે.'

'તો પછી દારુબંધીના પ્રચારનું કામ હાથમાં લો. સરકારની દારૂબંધીની નીતિ સફળ થાય એ માટે લોકોને સમજાવવા એ આપણું કામ જ છે. ઘરે ઘેર દારૂ ગળાય છે, એવી વાતો કરવાને બદલે એકાદ ગામ કે એકાદ લત્તો લઈને તેટલા ભાગમાંથી એ બદી નિર્મૂળ કરવાનો નિશ્ચય કરો અને એની પાછળ મંડી પડો.'

'વાહ! આટલું બધું ભણ્યો અને ડિગ્રીઓ લીધી તે શું આવા લોકો વચ્ચે ભટકવા માટે?'

'તો પછી કરશો શું ?'

'આ સિવાય બીજું જ કંઈ બતાવો તો કરું. પણ કામ જ કયાં છે?'

'એક કામ કરો. આપણી કેટલીક ખોટી રૂઢિઓ નાબૂદ કરવાનું કામ ઉપાડો. હજી મરણ પાછળ જમવાનાં થાય છે. એ ખોટું છે એમ લોકોને સમજાવો. કેટલીક જ્ઞાતિઓમાં વાંકડાનો રિવાજ છે. એ આપણું મોટામાં મોટું કલંક છે. સ્ત્રીજાતિનું ભયંકર અપમાન છે અને યુવાનોને માટે શરમભરેલું છે. એવી જ્ઞાતિઓના યુવાનો સાથે મળીને આ પ્રથા બંધ કરાવવાનું કામ ઉપાડો.'

'રામ રામ કરો. એ તે કોઈ કાળે બનતું હશે? અમારા જેવા ભણેલા યુવાનો તો તાતાના ડિફર્ડ જેવા ગણાય છે. ના ભાઈ ! એમાં કોઈનું કંઈ ન વળે.'

'તો તો ભાઈ ! તમે કશું જ કામ કરવાને લાયક નથી. તમે નકામું જ ભણી બગાડ્યું. તમે તો સ્વરાજમાં ભારરૂપ છો.'

'કેમ એમ કહો છો ? સામો આવીને કામ માગું છું તોયે કરવા જેવું કામ બતાવતા નથી. કામ તમારી પાસે છે નહીં, પછી મને શા માટે દોષ દો છો?'

'જાઓ, ભાઈ, જાઓ. ફક્કડ કપડાં પહેરીને આમતેમ ભટકતા ફરો. સિનેમા જુઓ. સિનેમાનાં ગીતો લલકારો. નટનટીઓની છબીઓ ભેગી કરો. ચકલે ચકલે ટોળે વળીને ટોળટપ્પા મારો. સ્વરાજની ઠેકડી કરો અને કેવળણીને બદનામ કરો. તમારે માટે ફક્ત આટલું જ કામ કરવા જેવું છે.'

●●●

આ સંવાદ અતિશયોક્તિ જેવું કશું જ નથી. આવા એક નહીં ને અસંખ્ય અનુભવો એક કે બીજી રીતે થતા જ રહે છે. સ્વરાજના કામને શું શીંગડાં-પૂંછડાં હોય છે ? સ્વરાજનું કામ એટલે શું ફૂલબાગમાં ચમન કરવાનું કામ છે ?

કહે છે : કામ કરવું છે, પણ કામ જ કયાં છે? આ બધાઓને કંઈ કામ જ દેખાતું નથી!

એક બહેન કહે : 'કંઈ ફળદાયક કામ હોય તો કરવાનું મન પણ થાય.'

પણ ફળદાયક એટલે શું ? કામની વાતો કરનારા આવા બધાઓને પોતે કંઈક કર્યું, પોતે કામ કર્યું એ તરત દેખાઈ આવે એવું જોઈએ છે. એને ફળદાયક કહે છે.

સ્વરાજનાં કામો એમ ન થાય. એ માટે પહેલી જરૂર છે. સાચા દિલથી કામ કરવાની તમન્નાની એને પોતાની જાતને ભૂલી જવાની. આટલું હોય તો કામ ઢગલાબંધ પડ્યાં છે. કામના ડુંગરા પડ્યા છે. એ ખોદનારાં ને ચણતર કરનારાં જોઈએ છે. જેમની આંખો ખુલ્લી છે એમની આગળ એ ડુંગરા પડેલા છે.

દેશ આજે કામ કરનારાઓને શોધે છે. આપણી પાસે દેશ કામ માગી રહ્યો છે. શહેરનાં માણસો હોય કે ગામડાનાં હોય, ભણેલાં હોય કે ન ભણેલાં હોય, ગરીબ હોય કે ધનવાન હોય, સૌની પાસે દેશ કામ માગી રહ્યો છે. વાતો ન કરો પણ કામ કરો, એમ દેશ પોકારી પોકારીને કહે છે. તોયે આપણે આમ જ અથડાયા કરીશું ને સ્વરાજનાં કામ ઠેલ્યા કરીશું?

- જ્યોત્સના શુક્લ

Last Seen :

સ્વપ્નવત આખું જગત
રાખ ના ખોટી મમત,
આપણું કયાં છે કશું
આપ-લે કરતો વખત
કામ આવા કર નહીં
ચરચરે મન હર વખત,
પ્રાર્થના કર કે ફળે
કામના સૌની સતત.

- રસિક દવે

- nehalgadhavi101@gmail.com

જેએનયુ, બીએચયુ કે આઈઆઈએમ - એ રાતોરાત પેદા ના થાય

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

છાસવારે નવી નવી શિક્ષણ સંસ્થાઓ કે યુનિવર્સિટીઓ શરૂ કરવાનો ક્રેઝ વધ્યો છે. ગુજરાતમાં ૭૦ જેટલી યુનિવર્સિટીઓ શરૂ કરવાનો ક્યારેક સંકલ્પ થયેલો. જિલ્લે જિલ્લે સરકારી ઈજનેરી કોલેજો શરૂ કરીને સ્વનિર્ભર કોલેજોમાં પ્રવેશ માટે લાગતી કતારો બંધ કરી દેવા જતાં તો કેવા શિક્ષણની ગુણવત્તા અને બેકારોની ફોજ પેદા થાય છે, એ અનુભવમાંથી આપણે પસાર થયા જ છીએ. જિલ્લે જિલ્લે મેડિકલ કોલેજો શરૂ કરી દેવાથી કે પ્રત્યેક રાજયમાં આઈઆઈટી કે આઈઆઈએમ શરૂ કરી દેવાથી લોકપ્રિયતા જરૂર હાંસલ કરી શકાતી હશે,પણ એટલા માત્રથી આઈઆઈટી-મુંબઈ કે મદ્રાસ કે પછી આઈઆઈએમ-અમદાવાદ જેવી વિશ્વખ્યાત બ્રાન્ડ તૈયાર થઈ જાય એવું માનવું જરા વધુ પડતું છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી કે બનારસ હિંદુ યુનિવર્સિટી કંઈ રાતોરાત સરકારી નિર્ણયથી પેદા થઈ જતી નથી. આવી સંસ્થાઓ સ્થાપવા પાછળ માત્ર આર્થિક જોગવાઈ જ નહીં, એના માટે યોગ્ય માનવ સંસાધનોની અનિવાર્યતા અને વિચારધારાઓની મોકળાશ અને સંવાદના માહોલની જરૂર હોય છે. રાજકીય ઈચ્છાશક્તિની સાથે જ એના માટે જરૂરી જ્ઞાન-વિજ્ઞાનવાળી પ્રતિભાઓની શોધ પણ ચલાવવાની હોય છે. સત્તાધીશો માટે ભિન્ન વિચારને પ્રોત્સાહિત કરતી પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓને કે અન્ય સંસ્થાનોને તોડવાનું વધુ સરળ હોય છે, પણ આવાં સંસ્થાનોના નિર્માણનું કાર્ય ભારે પરિશ્રમ અને ટીમવર્કની અપેક્ષા કરે છે. માત્ર નામાંતર કરવાથી કે ઈમારતોના નિર્માણથી આવી પ્રતિષ્ઠિત સંસ્થાઓનું નિર્માણ થઈ જતું નથી. તક્ષશિલા કે નાલંદા કે પછી હાર્વર્ડ અને કેમ્બ્રિજ કંઈ રાતોરાત ઊભી થઈ અને પ્રતિષ્ઠા પામી નહોતી. નવી પેઢીઓનું ઘડતર કરવાનું અને એ માટે સજ્જતા કેળવવાનું સંસ્થાઓ ખોલી નાંખવા જેટલું સરળ નથી. છોડ વાવી દેવાથી વાત પતતી નથી, એનું સંવર્ધન અને જતન ભારે પરિશ્રમ માગી લે છે. દુનિયાની શ્રેષ્ઠ ૧૦૦ યુનિવર્સિટીઓમાં કે શિક્ષણ સંસ્થાઓમાં ભારતની એકપણ સંસ્થાનો સમાવેશ ના હોય ત્યારે વાંક જ્ઞાન અને વિદ્વત્તાની ખાણ સમી ભારતની ભોમકાનો નહીં, પણ આયોજન અને અમલીકરણમાં કાંઇક ખૂટતું હોવાનો જરૂર વર્તાય છે. સત્તાધીશોએ આ વાત ગૂંજે બાંધવા જેવી ખરી.

યુનિવર્સિટીઓમાં અજંપો

દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ)થી લઈને બનારસ હિંદુ યુનિવર્સિટી (બીએચયુ) સુધીનાં પ્રતિષ્ઠિત વિદ્યાસંસ્થાનોમાં આજકાલ રાજકીય અજંપો અને આંદોલનોનો માહોલ છે. કોંગ્રેસના ત્રણ-ત્રણ વાર અધ્યક્ષ રહેલા અને હિંદુ મહાસભાના સંસ્થાપક રહેલા મહામના પંડિત મદનમોહન માલવિયાએ ૧૯૧૬માં બીએચયુની સ્થાપના કરી હતી. એનાં બરાબર પચાસ વર્ષ પછી ૧૯૬૬માં કેન્દ્રમાં પંડિત નેહરુ અને ઈન્દિરા ગાંધી સરકારમાં શિક્ષણ મંત્રી રહેલા જસ્ટિસ મોહમ્મદ કરીમ ચાગલા (મર્ચન્ટ) થકી સંસદમાં જેએનયુની સ્થાપનાનું વિધેયક રજૂ કરાયું અને ૧૯૬૯માં એ અસ્તિત્વમાં આવી ત્યારે તમામ તબક્કે રાજકીય આગેવાનો સંકળાયેલા હોવા છતાં તેમનો સંકલ્પ આ શિક્ષણ સંસ્થાઓને બેનમૂન બનાવવાનો જ

- **તક્ષશિલા, નાલંદા કે હાર્વર્ડ અને કેમ્બ્રિજની દુહાઈ દેનારા સમજી લે કે ઉતાવળે આંબા ના પાકે**
- **શિક્ષણ સંસ્થાઓ સરકારી આદેશો અને ફતવાઓથી જ નહીં, મોકળાશભરી માવજતથી જ ચાલે**
- **કેન્દ્ર-રાજ્યોમાં મંત્રીઓ-સચિવો જેએનયુમાં ભણેલા હોય, એ "એન્ટી-નેશનલ" અડ્ડો કેમ કહેવાય?**
- **દેશની શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થી આલમને દંડૂકાથી વશ કરી શકાય એ દિવસો હવે નથી**

હતો. અલીગઢમાં ૧૯૨૦માં આકાર લેનાર અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ)ના પાયામાં તો ૧૮૭૭માં સર સૈયદ અહમદ ખાને રાજા જય કિશનની મદદથી સ્થાપેલી મુહમ્મદડન ઍંગ્લો ઈન્ડિયન કૉલેજ હતી. મહાત્મા ગાંધીથી લઈને રાજનેતાઓ અને રાજા-મહારાજાઓ તથા નવાબો આ વિદ્યાસંસ્થાનો સાથે સંકળાયેલા રહ્યા. પાકિસ્તાનના રચયિતા અને ભાગલા અગાઉ કોંગ્રેસ અને મુસ્લિમ લીગ સાથે સંકળાયેલા રહેલા મોહમ્મદઅલી ઝીણાએ પોતાની વસિયતમાં પણ એએમયુને દાન લખેલું હતું. હૈદરાબાદના નિઝામ ભલે કંજૂસ ગણાતા હોય પણ પંડિત માલવિયાના અનુરોધથી એમણે આઝાદી પહેલાં બીએચયુને લાખો રૂપિયાનું દાન આપ્યું હતું. આઝાદી પહેલાંના અને પછીના સમયગાળામાં ઉપરોક્ત ત્રણેય વિદ્યાસંસ્થાનો દેશના ગૌરવ સમાન રહ્યાં છે. ત્રણેય યુનિવર્સિટીઓ કેન્દ્ર સરકાર હસ્તક છે. સ્વાભાવિક છે કે અગાઉની સરકારોએ એના કુલાધિપતિ(ચાન્સેલર) કે કુલપતિ (વાઈસ-ચાન્સેલર)ની નિમણૂકો કરી હોય એમ વર્તમાન સરકાર પોતાને અનુકૂળ કુલાધિપતિઓ અને કુલપતિઓની નિમણૂક કરે, પરંતુ અત્યારે વિવિધ મુદ્દે રાજકીય ઉહાપોહ મચે અને એમની પ્રતિષ્ઠાને નુકસાન થાય તો દેશની પ્રતિષ્ઠાને જ હાનિ પહોંચે એ વાત સમજીને દેશનાં આ મહામૂલાં રત્નોનું જતન અને સંવર્ધન કરવાની જરૂર ખરી.

નેહરુની અનિચ્છાએ નામ

જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીની સ્થાપનાનો યશ એક ગુજરાતી અને કચ્છીને શિરે જાય છે. મુંબઈની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અને મુંબઈ યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર રહેલા જસ્ટિસ એમ.સી. ચાગલા પંડિત ને